ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● દહેગામ તાલુકાના નાંદોલ ખાતે સવારે ૬ થી ૮ કલાક દરમિયાન આશાપુરા માતાજીનો સાતમો પાટોત્સવ યોજાશે.

● સાદરા સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૯.૦૦ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ તથા સવારે ૧૧ કલાકે યજ્ઞ તેમજ ૧૧.૩૦ કલાકે કથા પૂર્ણાહુતિ કરવામાં આવશે.

● સે-૧૨ નર્સિંગ કોલેજ ખાતે સવારે ૯ કલાકે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસની ઉજવણી કરાશે.

## આજે નર્સિંગ કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૧

વિશ્વભરમાં નર્સિંગ ક્ષેત્રે તા.૧૨મી મે વિશેષ દિન ગણાય છે આ દિવસ ખ્યાતનામ નર્સ ફલોરેન્સ નાઈન્ટીગર્લનો જન્મ દિવસ છે જેને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે પણ આ દિવસની ઉજવણીનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે સવારે ૯ વાગ્યાથી વિશ્વ નર્સ દિવસની ઉજણીનો પ્રારંભ કરાશે. કાર્યક્રમના પ્રારંભે ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ કોમ્પિટીશન યોજાશે. વળી આ ઉજવણીમાં ડાન્સ કોમ્પીટીશન, રોલ પ્લે જેવી સ્પર્ધાઓ યોજાશે. નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ આ પ્રસંગે રંગોલી દ્વારા ફલોરેન્સ નાન્ટીન્ગર્લની તસવીર તૈયાર કરશે. કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના તમામ નર્સ તથા વોર્ડન પણ જોડાશે.

## નાની દશકોશી અઢાર વણકર સમાજ દ્વારા નિઃશુલ્કપણે ચોપડા વિતરણનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

નાની દશકોશી અઢાર ગામ વણકર જ્ઞાતિ સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને વિના મુલ્યે ચોપડા વિતરણ કરવામાં આવશે. આ વર્ષે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે સમાજ તરફથી વિના મૂલ્યે જૂન માસના પહેલા સપ્તાહમાં સિનિયર કે.જી. અને ૧ થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફુલસ્કેપ ચોપડા ૬ નંગ તથા ધોરણ ૫ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ૧૨ નંગ ચોપડાનું વિતરણ કરવામાં આવશે. આ અંગેના ફોર્મ તા. ૧મે થી ૧૫ મે સુધીમાં સમાજ ભવન-૧, સમતા સોસાયટી, રખિયાલ-અમદાવાદ ખાતેથી સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન અને સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન મેળવી લઈ આગામી તા. ૩૦મેસુધીમાં જમા કરાવવા સમાજના પ્રમુખ પૂનમચંદ પરમારે જણાવ્યું છે.

# વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપનો શાનદાર પ્રારંભ

### સ્વ. વોસ્ટન ક્રિશ્ચિયનના માતા-પિતા હાજર રહ્યા : ફીફા તથા ઈન્ડિયન સુપરલીગના રેફરી ઉપસ્થિત રહ્યા : આંતરરાષ્ટ્રીય ધારાધોરણો પ્રમાણે ટૂર્નામેન્ટનો પ્રારંભ





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૧

શહેરના મધ્યમાં આવેલ ચ-૩ સર્કલ પાસેના લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે આજે કાયઝેન ટ્રસ્ટ દ્વારા આયોજિત રાજયકક્ષાની વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ ટૂર્નામેન્ટનો શાનદાર પ્રારંભ થયો હતો. ટૂર્નામેન્ટના ઉદઘાટન સમારંભમાં આંતરરાષ્ટ્રીય સંસ્થા ફીફાના તથા ઈન્ડિયન સુપરલીગના રેફરી ઉપરાંત આંતરરાષ્ટ્રીય ફુટબોલ કોચ સાથે સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપ ટૂર્નામેન્ટ જેની યાદમાં રમાઈ રહી છે તે ગાંધીનગરના સ્વર્ગસ્થ રાષ્ટ્રીય યુવા ફુટબોલર વૉસ્ટન ક્રિશ્ચિયનના માતા-પિતા શિરિન ક્રિશ્ચિયન અને વૉલ્ટર ક્રિશ્ચિયને આ સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે હાજરી આપી હતી. આ ઉપરાંત સે-૨૦ના સીએનઆઈ ચર્ચના પાસ્ટર ઉદય ભાદરુ, ટૂર્નામેન્ટના મુખ્ય સ્પોન્સરર તથા ઉમિયા ડેવલોપર્સના ફાઉન્ડર તથા એમડી વિકાસ પટેલ, મહાનગરપાલિકાના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય ફુટબોલ ફેડરેશન ફીફાના રેફરી ગુલાબસિંહ ચૌહાણ, ભારતીય ફુટબોલમાં રમાતી ઈન્ડિયન સુપરલીગ આઈએસએલના રેફરી વિષ્ણુભાઈ ચૌહાણ અને આંતરરાષ્ટ્રીય ફુટબોલ કોચ ચંદ્રશેખર સોલંકી પણ વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપના પ્રારંભે ઉપસ્થિત રહ્યા હતા. ફુટબોલ કપનો પ્રારંભ આંતરરાષ્ટ્રીય પરંપરાગત પધ્ધતિએ કરાયો હતો. ગ્રાન્ડ બહાર લાઈન અપ થયા બાદ પ્લેયર્સનું ચેકઅપ બાદ પહેલા રેફરી અને ત્યારબાદ પ્લેયર્સની ગ્રાઉન્ડ પર એન્ટ્રી થઈ હતી. ત્યારબાદ ફીફા એન્થમની ધૂન સાથે મહેમાનો ગ્રાઉન્ડ પર પધાર્યા હતા. અને તેમણે દરેક ખેલાડીને મળી હસ્તધૂનન કરી ઉષ્માભેર આવકાર્યા હતા. પ્રારંભિક વિધિ બાદ રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું હતું જેને ખેલાડીઓ સહિત તમામે ખૂબ જ સન્માન આપ્યું હતું. રાષ્ટ્રગાન બાદ પ્રારંભિત મેચના બંને ટીમના ખેલાડીઓ એકબીજાને મળ્યા હતા અને ત્યારબાદ રેફરીએ ટોસ કરાવી 'કીક ઓફ'નો આદેશ આપતા ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો હતો.

વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપના પહેલા દિવસે કુલ ત્રણ મેચ રમાઈ હતી. જેમાં પ્રથમ મેચ અમદાવાદની આરબીઆઈ ટીમ વિરૂધ્ધ અમદાવાદની જ શાર્પ શૂટર ફુટબોલ કલબ વચ્ચે રમાઈ હતી. દ્વિતિય મેચ રાજકોટની વાયસીસી ટીમ વિરૂધ્ધ ગાંધીનગરની એકસયુએફસી વચ્ચે તથા અંતિમ મેચ ભાવનગરની ભાવસિંહજી ફુટબોલ કલબ વિરૂધ્ધ અમદાવાદની કહાની ફુટબોલ કલબ વચ્ચે રમાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગરના ફુટબોલ રસિકો મોટી સંખ્યામાં મેચનો આનંદ માણવા ઉમટી પડયા હતાં.

# સિવિલમાં સિક્યુરીટી અને આઉટસોર્સિંગની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે

### નવી કેન્ટીન અને પાર્કીંગનું પણ ટેન્ડર બહાર પાડવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવનિર્મિત કેન્ટીન, સલામતી વ્યવસ્થા, આઉટસોર્સિંગ એજન્સી તેમજ મુલાકાતીઓના વાહન પાર્કીગ માટે ટુંક સમયમાં જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને એજન્સીને કામ સોંપી દેવામાં આવશે. કેન્ટીન, પાર્કીંગ આઉટસોર્સિંગ એજન્સી તેમજ સિક્યુરીટીની વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે જરુરી ફેરફાર કરવામાં આવે તેવી સંભાવના છે. સિવિલ સંકુલની આ વ્યવસ્થા જાળવવા કરોડો રુપીયાનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સલામતી વ્યવસ્થા જાળવવા માટે વિવિધ વિભાગોમાં રાત- દિવસ સિક્યુરીટી ગાર્ડ કાર્યરત હોય છે. પોતાના જીવના ઝોખમે સંકુલની સલામતી જાળવતા આ ખાનગી એજન્સીની સમય મર્યાદા આ માસની અંતિમ તારીખની છે. તેવી જ રીતે સિવિલમાં સફાઈ માટે રાખવામાં આવેલા ખાનગી કર્મચારીઓની એજન્સીને પણ છેલ્લા ઘણા સમયથી મુદતમાં વધારો કરવામાં આવે છે પરંતુ આ વખતે અન્ય ટેન્ડરની સાથે સિવિલ સતાધિશો આઉટ સોર્સિંગનું ટેન્ડર બહાર પડાશે. જયારે સિવિલની આઠમાળની નવી ઈમારતમાં તૈયાર કરાયેલી નવી કેન્ટીન પણ આવતા માસમાં યથાસ્થાને કાર્યરત કરી દેવાશે. જયારે હોસ્પિટલમાં અત્યારે હાલના સમયે દરેક કર્મચારીના માથાના દુખાવા સમાન પ્રશ્ન પાર્કીગનો છે જેને લઈ સિકયુરીટી ગાર્ડ અને વાહન ચાલકો સામસામે આવી જવાના બનાવ પણ બનતા રહે છે ત્યારે સંકુલમાં આવતા મુલાકાતીઓ માટે પે પાર્કીગ અને સ્ટાફ માટેની અલગ પાર્કીગની વ્યવસ્થા કરવામાં આવનાર છે. સિવિલ હોસ્પિટલમાં અત્યારે હાલ કાર્યરત સિક્યુરીટી, આઉટસોર્સિંગ એજન્સી, કેન્ટીન અને પાર્કીગ માટે ટુંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા દ્વારા હાથ ધરવામાં આવશે. હોસ્પિટલમાં કાર્યરત સિકયુરીટી અને આઉટસોર્સિંગની બંન્ને એજન્સીની મુદત આ મહિનાના અંત સુધીની હોવાથી તે પૂર્ણ થાય તે પહેલા તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની કવાયત શરુ કરવામાં આવી છે. જયારે સિવિલ હોસ્પિટલમાં જુન માસથી નવી એજન્સીઓ કાર્યરત થઈ જશે.

## શહેરનો ઘ-૨ થી ઘ-૩ વિસ્તાર ગંદકીમાં ગરકાવ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર ગ્રીનસીટી કલીન સીટી તરીકે ઓળખાય છે. પરંતુ આ ઓળખ હવે બદલાઈ જવા પામી હોય તેવું લાગી રહ્યું છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૩ વિસ્તારમાં અતિશય ગંદકીને પગલે નગરજનો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. શ્રમિકો શૌચક્રિયા કરતા હોવાથી આ વિસ્તારમાં અતિશય દુર્ગંધ મારતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો પણ ક્ષોભ અનુભવે છે. ત્યારે તંત્ર દ્વારા ઘ માર્ગ પરથી ગંદકી દુર કરવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન સ્વચ્છ ભારત કેમ્પેઈન ચલાવી રહ્યા છે. તંત્ર દ્વારા સ્વચ્છતા પર પણ વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરને પણ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે કહેવાતા નગરના આગેવાનો હાથમાં ઝાડુ લઈ સફાઈ કરતા નજરે પડતા હતા. પરંતુ સફાઈની તો ખરા અર્થમાં જયાં જરુર છે ત્યાં કોઈની નજર પડતી નથી. ગાંધીનગર શહેર ગ્રીનસીટી કલીનસીટી તરીકે ઓળખાય છે. પરંતુ શહેરના ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૩ તરફના માર્ગ પર અડીંગો જમાવીને રહેતા શ્રમીક પરિવારો અતિશય ગંદકી ફેલાવે છે. શ્રમિકો જયાં રહે છે તે વિસ્તારમાં જ શૌચક્રિયા કરતા હોવાથી અત્યારે હાલ એટલી હદે દુર્ગંધ મારે છે કે ત્યાંથી પસાર થતા નગરજનો ત્રાહીમામ પોંકારી ઉઠે છે. શહેરના મુખ્ય માર્ગ પર આટલી ગંદકી તેમજ દુર્ગંધને કારણે વાહન ચાલકો અને નગરની મુલાકાતે આવતા મુલાકાતીઓ પણ અચંબામાં પડી જાય છે. માર્ગ પરથી પસાર થતા નાગરીકોને મોં પર રુમાલ ફરજીયાત રાખવો પડે તેવી પરિસ્થિતિ ઉદ્ભવી છે. ગાંધીનગર ગ્રીનસીટીને ખરેખર કલીનસીટી બનાવવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ શરુ કરવામાં આવે તેની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે. તંત્ર સમક્ષ ગંદકીને લઈ સ્થાનિકો અનેકવાર રજુઆત કરીને થાકી ગયા છે. હવે તો ઉચ્ચકક્ષાએથી ગંદકી દુર કરવાના ઓર્ડર થાય અને આ વિસ્તારમાંથી ગંદકી દુર થાય તેવું શહેરના નાગરીકો ઈચ્છી રહ્યા છે. બાકી તો સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન ગંદકી લાગી રહી છે.




તાજેતરમાં એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું. છેલ્લા બે મહિનાથી સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટેન્ડે તથા ચ-૩ સર્કલ પાસે પાણીની પરબો શરૂ કરવામાં આવી છે. આ બંને પરબોનો ગરમીની સીઝનમાં મુસાફરો મોટી સંખ્યામાં લાભ લે છે. આ પ્રવૃત્તિમાં ઉદાજી ઠાકોર અને ગજેન્દ્રસિંહ બોરીજવાળા સેવાકીય કાર્ય કરે છે તેમજ દર વર્ષે આ પ્રવૃતિ નિયમિત રૂપે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના વકીલોનું એક ગૃપ ઉજ્જૈન ખાતે સિંહસ્થ કુંભ મેળાના દર્શનાર્થે પહોંચ્યું છે જયાં તેમણે અઘરી પંચાયતી અખાડા મહાનિર્માણમાં ભંડારો કરાવ્યો હતો. આ ભંડારામાં ૪૦ મંડલેશ્વરો સહિત ૧૧૦૦ જેટલા સાધુસંતો અને ૧૫૦૦ જેટલા શ્રધ્ધાળુઓએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સિકયુરિટીની ફરજ બજાવતા કર્મીઓને ઘણા સમયથી કોન્ટ્રાકટર દ્વારા પગાર ચુકવાયો નહોતો. લાંબા સમયથી બાકી પગારનું ચુકવણું થઈ જતા સિકયુરીટ કર્મીઓમાં આનંદની લહેર પ્રસરી હતી.

● ઘ-૦ સર્કલ પાસે કારચાલક પોતાની કાર સાઈડમાં પાર્ક કરી રહ્યો હતો ત્યારે પાનખરથી ખરેલા પાંદડાથી ઢંકાઈ ગયેલ એક ખાડામાં કાર ફસાઈ જવા પામી હતી. આથી મુંઝવણમાં મુકાયેલ કારચાલકે અંતે મિત્રોને બોલાવી તેમની મદદથી કાર બહાર કાઢી હતી.

● ગાંધીનગર જિલ્લાના ઉનાવા ખાતે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટમાં બે જૂથો વચ્ચે કોઈ બાબતે માથાકૂટ થતા છુટ્ટા હાથની મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.

● આકર્ષક યુવતિ દ્વારા રસ્તામાં લીફ્ટ માંગી વાહનચાલકને ફસાવી રૂપિયા પડાવતી ત્રણ જણની ગેંગને એલસીબીએ ઝડપી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડ પુરા થતા ગેંગને સેન્ટ્રલ જેલના હવાલે કરી દેવાઈ છે.

● ગાંધીનગરમાં પ્રારંભ થયેલ ડે નાઈટ ફુટબોલ ટુર્નામેન્ટને આંતરરાષ્ટ્રીય ધારા ધોરણ મુજબ રમાડાતી જોઈ ખેલ રસિકો આનંદ પામ્યા હતા. આ સાથે શહેરમાં પણ ફુટબોલ ગ્રાઉન્ડની માંગ બળવત્તર બનતી જણાઈ હતી.

# ઈકો ગાડીની અડફેટે ઘાયલ થયેલા શ્રમિકનું કરૂણ મૃત્યુ

### એક અઠવાડીયાથી શ્રમિક હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો : મધર ડેરી સામે ઘટના બની હતી


ગાંધીનગર, તા.૧૧

એક અઠવાડીયા પહેલા ઈન્દીરાબ્રીજ થી કોબા રોડ પર મધર ડેરી સામે રસ્તો ઓળંગી રહેલા એક યુવાન શ્રમિકને ઈકો ગાડીએ ટકકર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ શ્રમિક હોસ્પિટલમાં બેભાન હાલતમાં સારવાર હેઠળ હતો. જેનું આજે સારવાર દરમિયાન કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે હીટ એન્ડ રન કેસમાં ગુનો નોંધી ફરાર થઈ ગયેલા અજાણ્યા કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

મધ્યપ્રદેશના જાંબુચા વિસ્તારનો યુવાન પારસીંગ મુળજીભાઈ પરમાર ગાંધીનગર ભાટ નજીકની એક બાંધકામ સાઈટ પર રહી કડીયા કામ કરતો હતો. ૬ઠ્ઠી મેના રોજ સાંજના અરસામાં પારસીંગ પરમાર ઈન્દીરાબ્રીજ-કોબા માર્ગ પર સ્થિત મધર ડેરીની સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. રસ્તો ઓળંગી રહેલા પારસીંગને બેફામ જતી અજાણી ઈક ગાડીએ અડફેટે લઈ લીધો હતો અને ત્યાંથી ગાડી સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકને રાહદારીઓએ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી આપ્યો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એક અઠવાડીયાથી બેભાન હાલતમાં દાખલ પારસીંગની સારવાર ચાલી રહી હતી. આજે સવારે સારવાર દરમિયાન તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. અડાલજ પોલીસે ગુનો દાખલ કરી અજાણ્યા આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# ઉનાળુ ફળો ટેટી-તડબુચ અને કેરીથી બજારો ઉભરાયા

### શરીરને ઠંડક આપતા આ ઉનાળુ ફળોની ખરીદી જામી : ફળો સસ્તા થતા સૌને પોષાય છે



ગાંધીનગર, તા.૧૧

બજારો ઉનાળુ ફળોથી ઉભરાઈ રહ્યા છે. ટેટી-તડબુચ અને કેરી જેવા ફળોના ઢગલેઢગલા બજારોમાં ઠલવાતા તેની ખરીદી જામી છે.

સૂર્યનારાયણ આકરા મુડમાં આવી આકાશમાંથી રીતસર અગનગોળા વરસાવી રહ્યા છે. ગરમીથી સૌ કોઈ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. કાળઝાળ ગરમીથી ત્રસ્ત વસાહતીઓને તન મનથી શાતા આપે તેવી કોઈ વસ્તુ હોય તો તે છે મીઠા મધુરા ઉનાળુ ફળો. ટેટી, તડબુચ અને કેરી જેવા ઉનાળુ ફળોથી બજારો રીતસર ઉભરાઈ રહ્યા છે. બજારોમાં જયાં જુઓ ત્યાં આ ફળોનું વેચાણ થતું નજરે ચઢે છે. આ ઉપરાંત માર્ગોની આસપાસ ઉભી રહેતી લારીઓ પર પણ આ જ ફળોનું વેચાણ થતું જોવા મળી રહ્યું છે. ઉનાળામાં શાકભાજીની આવક ઓછી રહે છે ત્યારે આ ફળો ગૃહિણીઓ માટે આર્શીવાદરૂપ બન્યા છે. ટેટીની છીણ અને કેરીના રસે સવાર-સાંજના ભોજનમાં પોતાની જગ્યા બનાવી લીધી છે. બાળકો હોંશે હોંશે આ ફળોની વિવિધ વાનગીઓ માણી રહ્યા છે. શીતળતા બક્ષતા લાલચટાક તડબુચ હવે ઠેર ઠેર મળવા લાગ્યા છે. માર્ગોની આસપાસ ઉભા રહેતા નાના વેપારીઓ તડબુચને કાપી બરફ પર સજાવી તેને વેચી રહ્યા છે. આ ઠંડા તડબુચની ડીશ કાળઝાળ ઉનાળામાં ફટાફટ વેચાઈ રહી છે. ૨૦ રૂ. કિલોના ભાવે મળતા તડબુચના જયુસનું નિયમિત સેવન કરનારાઓ બે પાંચ કિલોથી ઓછી ખરીદી કરતાં જ નથી તેવી જ રીતે ટેટી પણ અમુક વર્ગમાં ખુબ જ પ્રિય છે. ઉનાળામાં ભોજનનું પ્રમાણ ઓછુ થઈ જાય છે ત્યારે બાળકો અને વડીલો ટેટી-તડબુચનું સેવન કરી પુરતી એનર્જી મેળવી લે છે.

ટેટી-તડબુચની જેમ ફળોનો રાજા કહેવાતી કેરીની વિવિધ જાતો હાલમાં બજારોમાં ઉપલબ્ધ બની છે. કાચી પાકી કેસર કેરીના બોકસનું વેચાણ કરતા વેપારીઓ માર્ગો પર ઉતરી પડયા છે. શહેરમાં દર અડધા કિલોમીટરે કેરીનું વેચાણ કરતા વેપારીઓ નજરે ચઢી જાય છે. આ ઉનાળુ ફળો શીતળતા તો બક્ષે જ છે સાથે સાથે સસ્તા હોવાથી સૌના ખીસ્સાને પણ પરવડી રહ્યા છે.

## જિલ્લાના ૧૧૭ પોલીસ કર્મચારીઓની આંતરિક બદલી

### કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ કક્ષાનાં કર્મચારીઓની બદલીઓનો એસપીએ ઓર્ડર કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના વિવિધ પોલીસ મથકો તથા હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની મોટા પાયે આંતરીક બદલીઓના ભણકારા છેલ્લા પંદર દિવસથી થઈ રહ્યા હતા. દરમિયાન ગઈ સાંજે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આંતરીક બદલીઓના આદેશ જારી કરતું લીસ્ટ જાહેર કરી દીધું હતું. જિલ્લાના ૧૧૭ પોલીસ જવાનોની આંતરીક બદલીઓ કરવામાં આવી છે. જેમાં પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, એએસઆઈ અને મહિલા પોલીસનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

● સ્વ. મંગુબેન છગનભાઈ ખંભાયતા, ઉ.વ.૭૨